**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

# ગાંધીજીના ધાર્મિક અને સામાજિક મૂલ્યો: એક અભ્યાસ

**નીલમ કમલેશકુમાર પરમાર**

રિસર્ચ સ્કોલર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ડૉ. ગાયત્રી દવે**

માર્ગદર્શક, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

સામાન્ય માણસમાંથી મહાત્મા બનવાની સફર કોઈ વિરલ આત્મા જ ખેડી શકે. ઈશ્વરરીય કૃપાની તેમણે પ્રતીતિ કરી અને દૈવી માર્ગદર્શનને વધુ વીરતાપૂર્વક અમલમાં મૂકવું હોય, આવા મહાન આત્માનો હૃદયપ્રકાશ અંધકારમય જગત માટે દીવાદાંડીનું કામ કરે છે. ગાંધીજીએ પયંગબરોમાંના એક હતા. જેમનામાં હૃદયની વીરતા, આત્માનો વિવેક અને નિર્ભીકોનું હાસ્ય જણાતા હતા. તેમનું જીવન અને તેમનો ઉપદેશએ મૂલ્યોના સાક્ષી છે, જે રાષ્ટ્રીય – આંતરરાષ્ટ્રીય સીમાથી પર છે, વિશ્વવ્યાપક છે.

## 1. ગાંધીજીના ધાર્મિક મૂલ્યો

ગાંધીજી ધર્મ પ્રત્યે શ્રધ્ધા – ભક્તિથી વળ્યા હતા તેમનું અધ્યયન જેટલું ઊંડું અને વ્યાપક બનતું ગયું તેમ તેઓ સમાન ભાવ ધરાવનાર વિદૂષી બની ગયા. દક્ષિણ આફ્રિકામાં ૧૮૯૩નિ સાલમાં એમણે ધાર્મિક પુસ્તિકોનું ઘણું અધ્યયન કર્યું. તેઓ દરેક ધર્મના અધ્યયન સમયે પોતાનું મંથન પણ રજૂ કરતા. તેઓ કહેતા કે, "ઈશુ એક ત્યાગી, મહાત્મા, દૈવી શિક્ષક તરીકે યોગ્ય છે પણ તેમણે અદ્વિતીય પુરુષ તરીકે સ્વીકારી શકતો નથી. ઈશુના મૃત્યુથી જગતને ભારે દ્રષ્ટાંત મળ્યું, પણ તેમના મૃત્યુમાં કઈ ગુપ્ત ચમત્કારી અસર હતી એમ મારું હૃદય સ્વીકારી નહોતું શકતું." હિન્દુત્વના તેમના સંસ્કારો ખૂબ દ્રઢ હતા તેથી તેઓ માનવા સિવાયના શરીરમાં આત્મા નથી એ વાત તે માની શકતા ણ હતા, ઈશુને તેઓ માનવજાતના મોટામાં મોટા ધર્મોપદેશક માન્યા હતા. જેમ તેઓ કૃષ્ણ, રામ, મહમદ કે જરથુષ્ટ્રનાં હતા તેટલા જ ઈશુના હતા.

ઇસ્લામ ધર્મનો અભ્યાસ પણ તેમણે દક્ષિણ આફ્રિકામાં કરેલો. આ ધર્મને તેમણે 'શાંતિના ધર્મ' તરીકે ઓળખાવ્યો હતો. જેમ હિન્દુધર્મના તત્વજ્ઞાનમાં ઈશ્વર સિવાય બીજો કોઈ દેવ નથી, ઈશ્વર એક જ છે એ સત્યનો સ્વીકાર જેટલો ઇસ્લામ ધર્મએ કર્યો છે. એટલો સ્વીકાર હિન્દુ ધર્મમાં નથી થયો તેવું ગાંધીજી માનતા હતા. બૌદ્ધ ધર્મનો પણ તેમણે અભ્યાસ કર્યો બધા ધર્મના મુખ્ય હાર્દને સમજ્યા પછી તેમણે હિન્દુ ધર્મ વધુ સમજાયો. તેમની ધર્મનિષ્ઠા વધુ દ્રઢ બની. ગાંધીજીને હિન્દુ દર્માને સમજવામાં બીજા ધર્મના વાચને વધુ સહાય કરી. તેમના જીવનની દ્રષ્ટિ વિશાલ બની.

ગાંધીજી વેદ, પુરાણ અને ઉપનિષદોમાં પણ આસ્થા ધરાવતા હતા. તેઓ અવતાર અને પૂનર્જન્મને માનતા હતા. ગૌરક્ષાના તેઓ હિમાયતી હતા. 'મહાભારત'ને તેમણે કથા દ્વારા ધર્મનું ભાન કરાવનાર ગ્રંથ કહ્યો છે. ગીતાને 'ધર્મકાવ્ય' તરીકે પોતાના હૃદયમાં સ્થાન આપે છે. જુદા જુદા ધર્મશાસ્ત્રો, પુસ્તકોને આધારે ગાંધીજીએ પોતાનું આંતરમન ઘડ્યું પણ એ બધામાં 'સત્ય' સૌ પ્રથમ હતું. દરેક ધર્મના ભાવાર્થને તેમણે સત્ય અને અહિંસાના ત્રાજવે મૂલવ્યા અને જે સાચું હતું, સારું હતું તેનો સ્વીકાર કર્યો. ગીતા

પર તેમણે 'અનાસક્તિયોગ' લખ્યો, વૈદિકકાળમાં જન્મેલી વર્ણવ્યવસ્થાનાં ભાગ રૂપે શુદ્રને સમાજમાં જે સ્થાન મળ્યું એ શૂદ્ર એટલે જન્મથી નહી પણ કર્મરૂપે તેમણે સ્વીકાર્યું. અસંસ્કારી, મૂર્ખ અને અજ્ઞાની એટલે શૂદ્ર એમણે લૌકિક અર્થ કરતાં વિશાલ અર્થ કર્યો. હિંદુ ધર્મને તેમણે વિકાસશીલ ધર્મ તરીકે ઓળખાવ્યો કારણ કે જગતના અન્ય ધર્મ જેવા કે, કુરાન કે બાઇબલની જેમ એનો કોઈ ચોક્કસ ગ્રંથ નથી.

ગીતામાં રહેતા ઊંડા અને વિશાળ જ્ઞાનથી હિંદુ ધર્મને તેમણે આચરણમાં લાવવાનો પ્રયાસ કર્યો. ગીતાએ બતાવેલ રસ્તા પર પરાણે નહી પણ સ્વેચ્છાએ ચાલવાનો પ્રયત્ન કર્યો. હિન્દુ ધર્મના મૂળતત્વોને જાણીને ધાર્મિક ભાવનાને મૂર્ત સ્વરૂપ આપી તેને નિર્મળ બનાવવાનો પ્રયત્ન કર્યો. મનુષ્યને મનુષ્યથી અલગ કરી દે તે ધર્મને તેમણે અધર્મ માન્યો છે. એટલે જ તેમણે અસ્પૃશ્યતાને હિન્દુ ધર્મનું કલંક ગણ્યું છે. હિંદુધર્મનાં ગ્રંથોના વાચન પછી તેઓ એ તારણ પર આવ્યા કે હિંદુધર્મ સાથે અસ્પૃશ્યતાને કોઈ સંબંધ નથી. હિંદુ ધર્મના આ સડાને દૂર કરવા તેમણે આખી દુનિયાની સહાય માંગી. અસ્પૃશ્યતાને દયા અને પ્રેમની લાગણીઓથી વિરુદ્ધ વૃત્તિ ગણાવી હતી. ગાયને માતા માનીને પૂજનાર હિંદુ પોતાના જ જેવા જ માનવીથી આભડછેટ કેવી રીતે રાખી શકે તે પ્રશ્ન તેમને હંમેશા મૂંઝવતો રહ્યો. અસ્પૃશ્યતા દૂર કરવાની એમને એટલે તાલાવેલી લાગેલી કે જો તેમનો ફરી જન્મ થાય તો તે અસ્પૃશ્યતાનાં ઘરમાં જ જન્મ પામે એવી ઇચ્છા વ્યક્ત કરેલી, જેથી એમણે પડતા દુઃખ, મુશ્કેલી, તિરસ્કારને તે ભોગવી શકે. મેલું ઉપાડનાર, લોકોના આંગણા સાફ રાખીને લોકોને નિરોગી રાખનાર તેમને મન અસ્પૃશ્ય નહી પણ હરિના જન હતા.

ગૌરક્ષા પ્રત્યે ગાંધીજી ખૂબ અનુગ્રાહી હતા. ગૌરક્ષાએ હિંદુ ધર્મની દુનિયાને આપેલી અનોખી બક્ષિસ છે. મૂંગી પ્રાણીસૃષ્ટિનું ગાય એક પ્રતીક છે. ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મની વટાળપ્રવૃત્તિની તેમણે ખૂબ નિંદા કરી, વખોડી કાઢી છે. તેઓ માનતા કે જેમ ગુલાબની સુવાસ આપોઆપ જ પ્રસરે છે તેમ સાચુ ધર્મપરાયણ જીવન જીવનાર પોતાની સુગંધ આપોઆપ ફેલાવે જ છે. મૂર્તિપૂજાને નહી માનનારા આ બે ધર્મ એક યા બિજારૂપે મૂર્તિપૂજાને અપનાવે છે. મસ્જિદ અને રોજા બાંધનાર મુસ્લિમ આડકતરી રીતે મૂર્તિપૂજાનું જ સમર્થન કરે છે તેમ જ ચર્ચમાં જતો ખ્રિસ્તી પથ્થરની ઘડેલી અને કાપડ કે કાચ પર ચીતરેલી કુમારિકા મેરી અને સંતોની કાલ્પનિક પ્રતિમાઓ આગળ ઘૂંટણીયે પાડનાર રોમન કેથલિક મૂર્તિપૂજા જ આચરે છે. હિંદુ મૂર્તિપૂજા જો ઈશ્વરની કલ્પના કરી પોતાની આસ્થાને મજબૂત બનાવી શકતો હોય તો તેમાં શું ખોટું છે? જો બુતપરસ્તી યોગ્ય નથી તો ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ પણ આડાકાતારી રીતે પણ એમ જ કરે છે ને, બુતપરસ્તિનો વિશાળ અર્થ અપનાવીને તેમણે

વિરોધીઓને ચૂપ કરી દીધા. મૂર્તિપૂજાનિ અંદર રહેલી આસ્થા માનવજાતને ઊંચે ચડાવવામાં મહત્વનો ફાળો આપે છે. એટલે જ તેઓ પોતાને મૂર્તિપૂજા કહેવડાવે છે.

ઈશ્વરની કોઈ એક ચોક્કસ વ્યાખ્યા બાંધવાની મથામણનાં અંતે ગાંધીજી એવું માનવા લાગ્યા કે ઈશ્વર સત્ય છે. પછી તો એક ડગલું આગળ વધીને જેવા લાગ્યા કે સત્ય એ જ ઈશ્વર સત્યનેપામવા શૂન્ય બનવું પડે. રાગ-દ્વેષ, ઈર્ષા, અભિમાન વગેરે રાગને ત્યાગીને શૂન્ય બની જવું પડે છે. શૂન્ય બનવા બ્રહચર્ય, અહિંસા, અપરિગ્રહ અને ગરીબીનાં વ્રતનું પાલન કરવું જોઈએ. સત્યને ધર્મ માન્યો. એને જ ઈશ્વર માન્યો. સત્યને શોધતા શોધતાં અહિંસા પ્રાપ્ત થઇ. સત્ય સાધ્ય તો અહિંસા સાધન બની. સ્નેહએ અહિંસાનું પ્રથમ પગથિયું છે. બીજાના દુઃખને પોતાનું દુઃખ અનુભવવું એ અહિંસા છે. અહિંસાથી વેરને અવેરથી, ક્રોધને પ્રેમથી જીતવાની દ્રષ્ટિ મળે છે.

જૈન ધર્મના અહિંસાના વિચારને તેમણે પોતાની દ્રષ્ટિએ. પોતાની ઢબે અપનાવ્યો. એમણે સત્ય અને અહિંસાનો પરસ્પર સંબંધ સ્વીકાર્યો. અહિંસા અને સત્ય તેમના પ્રાણ સમાન બની રહ્યા. સમગ્ર જીવન દરમિયાન તેમણે સત્ય અને અહિંસાની ઉપાસના કરી. સત્ય અને અહિંસા આ બે શબ્દ જાણે ગાંધીજીના પર્યાય બની ગયા. આમ છતાં જ્યાં ધર્મ અને વ્યવહારમાં જ્યાં – જ્યાં ગૂંચ આવી ત્યાં તેમણે ધર્મના હાર્દને પકડીને યોગ્ય માર્ગ પસંદ કર્યો. ગાંધીજી પોતાની જીવનનૈયાને ધર્મના હલેસા દ્વારા હંકારીને આજીવન આગળ ધપતા રહ્યા. ધર્મના સારને તેમણે અપનાવ્યો, ગ્રહણ કર્યો અને પોતાના લોહીમાં વહેતો કર્યો. તેમણે ધર્મને મનુષ્યત્વ સુધી પહોંચવાનો એક રસ્તો લોકોને બતાવ્યો. આ રસ્તા પર તેમણે સત્ય અને અહિંસાનો આશરો લીધો. ધર્મ અને વ્યવહાર વચ્ચે જ્યારે દ્વંદ્વ થયું ત્યારે તેમણે વિવેકબુદ્ધિથી બધી જ બાબતોનો વિચાર કરીને નિર્ણય લીધા અને તેનું આચરણ કર્યું ધર્મને તેમણે મંદિરમાં કે મસ્જિદમાં ણ રહેવા દેતા સક્રિય કાર્યો દ્વારા સમાજમાં, રાજકારણમાં અને વ્યવહારના અનેક પ્રશ્નોને ઉકેલવામાં શક્ય બનાવ્યો.

જુદા જુદા ધર્મશાસ્ત્રોને આધારે ગાંધીજીએ પોતાનું જીવન ઘડ્યું પણ એ બધામાં સત્ય જ મોખરે રહ્યું. દરેક ધર્મના ભાવાર્થને તેમણે સત્ય અને અહિંસાની કસોટીએ ખરા ઉતાર્યા છે. ગાંધીજીએ ધર્મ વિશે કોઇ શાસ્ત્ર નથી રચ્યું. ગાંધીજીનો ધર્મવિચાર શબ્દોથી પામી શકાય તેમ નથી. તેઓ માનતા કે ધર્મશ્રધ્ધા તો જીવનમાંથી દ્રષ્ટિગોચર થવી જોઇએ. તેનું પ્રદર્શન ન હોવું જોઇએ. તેઓ ધર્મ કરતા ધર્મના આચરણને વધુ મહત્વ આપતા હતા. કોઇ ધર્મના શાસ્ત્રવચનને પકડી રાખીને જીવવામાં ગાંધીજી માનતા ન હતા. તેઓ પોતાને સનાતની હિંદુ તરીકે ઓળખાવે છે. પણ હિંદુ ધર્મના અસ્પૃશ્યતાના ડાઘા ધોઈને જ તેઓ કહે છે કે

જે સર્વધર્મસમભાવ જ નહી પણ સર્વધર્મમમભાવ કેળવવો જોઇએ. જે ધર્મને વ્યવહારમાં ન લાવી શકાય તે ધર્મ નથી. તેઓ હિંદુ શાસ્ત્રોમાં રહેલા વચનોને જડપૂર્વક નથી વળગી રહ્યા. જ્યાં તેમણે યોગ્ય નથી લાગ્યું ત્યાં એ વાતનો વિરોધ પણ કર્યો છે તેઓ કહે છે કે, "જે કાંઇ આપણે વાંચીએ પછી તે ભલે 'વેદ'માં હોય કે 'પુરાણ'માં હોય કે ગમે તે ધર્મપુસ્તકમાં હોય – પણ જે સત્યનો ભંગ કરે અથવા આપણી દ્રષ્ટિએ દુર્ગુણોનું પોષક હોય, તેનો ત્યાગ કરવાનો આપણો ધર્મ છે. શાસ્ત્રને નામે જે કાંઇ ધતિંગ ચાલતું હોય તે ધર્મ છે. એમ ગણીને આપણો વ્યવહાર ચલાવીએ તેમાંથી માઠા પરિણામ જ નીપજે. 'મનુસ્મૃતિ'માં તો કેટલાયે શ્ર્લોકો છે તેનો ધર્મ તરીકે બચાવ જ ન થઇ શકે. આવા શ્ર્લોકોનો આપણે ત્યાગ કરવો જ જોઇએ."

ગાંધીજી એવું માનતા કે, હિન્દુ ધર્મ જે પાળે તો એની પ્રાર્થના એ ન હોવી જોઈએ કે ઈત્તર ધર્મના લોકો હિંદુ ધર્મ સ્વીકારે, અથવા મુસ્લિમ લોકોની પ્રાર્થના એ ણ હોય કે બીજા ધર્મના લોકો ઇસ્લામ સ્વીકારે, ખ્રિસ્તી લોકોની પ્રાર્થના પણ સામેલ હોવું ન જોઈએ કે બીજા બધા લોકો ખ્રિસ્તી બને. આપણા સૌની પ્રાર્થના એવી હોવી જોઈએ કે બધા પોતપોતાના ધર્મમાં મક્કમ બને. હિંદુ સાચો હિંદુ બને, મુસલમાન સાચો મુસલમાન બને અને ખ્રિસ્તી સાચો ખ્રિસ્તી બને. મનુષ્યને મનુષ્યથી અલગ કરે એ ધર્મને ગાંધીજીએ અધર્મ કહ્યો છે. એટલે જ એમણે અસ્પૃશ્યતાને હિંદુ ધર્મનું સડી ગયેલું અંગ ગણ્યું છે. એમણે હિંદુધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને એ ચોક્કસ નિર્ણય પર આવ્યા કે હિંદુ ધર્મના શાસ્ત્રમાં અસ્પૃશ્યતાને કોઇ સ્થાન ન હતું. માણસે પોતાની મહત્તા વધારવા અને અન્યને નીચા બતાવવા આ કલંક હિંદુ ધર્મના માથે જડી દીધું. ગાંધીજીએ પોતાની આત્મકથામાં પરમેશ્વર માટે શ્વાસોચ્છવાસનાં સ્વામી' એવો શબ્દ પ્રયોજ્યો. પરમ સત્ય એટલે પરમ ઈશ્વર કે પરમેશ્વર એવા સત્યનારાયણને પામવા માટે ગીતાનો 'અનાસક્તિયોગ' ગાંધીજીને મદદરૂપ થયા છે. પોતાના વ્યવહારની શુદ્ધિ માટે તેમણે નરસિંહ મહેતાનું 'વૈષ્ણવજન તો તેને કહીએ રે...' ભજન ઉપર્યુક્ત નીવડે છે જો સચ્ચાઇ છૂટી જાય તો જીવન અવળી ગતિ કરવા લાગે એવું ગાંધીજી સ્પષ્ટપાને માનતા હતા. મૂલ્યનિષ્ઠા, આચારશિષ્ઠા, માનવનિષ્ઠા ઉત્તમ જીવનવ્યવહાર માટે આવશ્યક છે. સત્યની ઉપાસના કરનાર ગાંધીજીનો જીવનમંત્ર 'રામનામ' હતો. છેક છેલ્લી પળે એમના મુખમાં 'હે રામ' શબ્દ હોય તેમાં સમગ્ર જીવનભર ચાલેલી જીવનસાધનાનો મર્મ રહેલો છે.

ગાંધીજીના મત અનુસાર માણસને ધર્મ, જાતિ કે લિંગને કારણે તેને હિન અથવા ઉતરતા નહી ગણવાનું હિંદુ ધર્મ શીખવે છે. માનવજાતિ પ્રત્યે સમાનતા રાખવાનું હિંદુ ધર્મ સૂચવે છે. તેમના માટે સનાતન હિંદુ ધર્મ એટકે એક સચ્ચિદાનંદ પરમાત્માનો જ સ્વીકાર. 'વૈષ્ણવજન તો તેને કહીએ' માં સાચા સનાતન હિંદુ ધર્મના લક્ષણો દર્શાવ્યા છે તેથી જ ગાંધીજીને આ ભજન ખૂબ જ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

પ્રિય હતું. ગાંધીજી જણાવે છે કે હિંદુ ધર્મ એ માનવધર્મ છે. મનુષ્યમાત્રનો ધર્મ એ ધર્મ અનંત છે અને ધર્મનું ખરું સ્થાન ધર્મગ્રંથો નથી. પણ માનવહ્રદયછે, જે હ્રદય સાચા સંસ્કાર પામે છે ત્યાં ધર્મનો પહેરો હોય છે. અહિંસા જ બધા ધર્મોનું અંતિમ લક્ષ્ય છે. ગાંધીજી માને છે કે અહિંસાનો ઉપદેશ દરેક ધર્મમાં કરવામાં આવ્યો છે પરંતુ અહિંસાના આચાર અંગે હિંદની ભૂમિ પર શાસ્ત્ર લખવામાં આવ્યું છે. ઋષિમુનિ અને સાધુસંતોનિ કઠોર તપશ્ચર્યાને અંતે પોતાના જીવન સમર્પિત કર્યા છે અને હિમાલય પર્વત પણ તેમના ત્યાગથી તેની મલિન અશુદ્ધિ ધોઈને શ્વેત આવરણથી સુશોભિત થયો છે. દ્વેષનો પ્રેમથી અને હિંસાને અહિંસાથી જવાબ આપવાનો સમય આવી ગયો છે. સનાતન ધર્મની જ એ તાકાત છે કે મનુષ્યને મનુષ્યનું ભાન કરાવી શકશે. હિંદુ ધર્મમાં અહિંસાના સિદ્ધાંતની ખિલવણી અને તેના પ્રયોગો બીજા બધાથી વિશેષ છે. હિંદુ ધર્મએ કોઈ સાંકડો ધર્મનત કે સંપ્રદાય નથી. તેના વિશાળ ઉદરમાં સમગ્ર દુનિયાની વિભૂતિઓની પૂજાને સ્થાન છે ગાંધીજીના મતઅનુસાર હિંદુ ધર્મ દરેક માણસને પોતાની શ્રદ્ધા અનુસાર ધર્મની ઢબે ઈશ્વરની આરાધના કરવાનો આગ્રહ કરે છે. તેથી સર્વધર્મો સાથે એની સુલેહ છે.

ગાંધીજી માને છે કે એમના જીવનની સર્વ મુશ્કેલીઓનો ઉકેલ 'ગીતા'માં છે. ગીતા એ આપણા હ્રદયમાં ચાલી રહેલા દ્વંદ્વનું એક શબ્દચિત્ર છે. ફળની સારા કર્યા વગર કર્મ કરવું એ જ ગીતાનો ઉપદેશ છે. ગીતા પ્રકાશ અને અંધકારના બળો વચ્ચેનો ભેદ સમજાવે છે. ગાંધીજીને ગીતા પર ખૂબ આસ્થા હતી. પોતાની માતા માને છે. જ્યારે જ્યારે તકલીફ આવી ત્યારે ગીતામાતાની શરણે ગયા છે. બુદ્ધ ધર્મને તેઓ હિંદુ ધર્મનો જ અંશ ગણે છે. તેઓ જણાવે છે કે હિંદુ ધર્મ ઉપર તેના શાસ્ત્ર પર ઝળહળતા સત્ય પર શબ્દોના નિરર્થક જાળા જામી ગયેલ હતા તે જાળા દૂર કરવા બુદ્ધ જાણે હિંદુ ધર્મને નવજીવન આપે છે ગાંધીજી જણાવે છે કે બુદ્ધે હિંદુ ધર્મનો અસ્વીકાર કહી કર્યો નહોતો, તેમણે તો તેનો પાયો વિશાળ કર્યો હતો. બુદ્ધે જે નિર્વાણનો ઉલ્લેખ કર્યો છે તે આત્માની શાંતિ, સુખ છે... ઇસ્લામ ધર્મમાં પણ તેમણે ખૂબ શ્રદ્ધા હતી. કુરાન શરીફને એકથી વધુ વખત ગાંધીજીએ વાંચ્યું હતું. ઇસ્લામ ધર્મ અહિંસાની તરફદારી કરનાર છે.

ગાંધીજી ધર્મ વિનાના રાજકાજને અર્થહીન ગણે છે. ઈશ્વર અને સત્ય એક હોવાથી રાજકારણમાં પણ સત્યનું રાજ્ય સ્થાપેલું જોવાની ગાંધીજીને હોંશ છે. ગાંધીજીનું રાજકારણ અહિંસા અને સત્યની સાથે ઓતપ્રોત છે. ધર્મ વિના ગાંધીજી એક ક્ષણ પણ જીવી ણ શકતા. તેઓ કહેતા કે મારા જીવનની તમામ પ્રવૃત્તિઓ ધર્મમાંથી ઉદ્દભવી છે. ધર્મ એટલે ઈશ્વર સાથે જોડાવું. ઈશ્વર જ આપણા પ્રત્યેક શ્વાસોચ્છવાસનો માલિક છે. અહી ગાંધીજી ધર્મ કે કોઈ ચોક્કસ પંથ કે સંપ્રદાયનો અર્થ નથી ધરતા, પણ સમગ્ર સૃષ્ટિનું તંત્ર વ્યવસ્થિત અને નીતિના પાયા પર રચાયેલું છે એવી આસ્થા એ અહીનો ધર્મ છે. આવો ધર્મ હિંદુ, મુસલમાન,

ખ્રિસ્તી બધા ધર્મોથી પર છે એ તેની ઉપરવટ નથી જતો. એ તો તે બધાનો સુમેળ સાધે છે અને જે તે ધર્મનું યથાર્થપણું સાબિત કરે છે ગાંધીજી માટે દેશનું હિત અને ધર્મના હિતો જુદા નથી. તેમના માટે ઉપાસના કરવાના સ્થાન એ માત્ર ઈંટચૂનાની ઇમારતો નથી એ બધા તો સત્યના પડછાયા છે.

ગાંધીજી ધર્મ પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિથી વળ્યા અને તેમનું વાંચન જેમ વધુ થતું ગયું તેમ તેઓ સમન્વયકારક દ્રષ્ટિકોણ ધરાવતા થયા. તેઓ દરેક ધર્મને શ્રદ્ધાભક્તિને સહારે જ નથી મૂલવતા પણ બૌદ્ધિક પ્રતીતિને આધારે પણ મૂલવે છે. ઈશુના ગિરિપ્રવચન અને ભગવદ્ગીતામાં ગાંધીજીને સમાનતા લાગે છે. ઇસ્લામ ધર્મનો અભ્યાસ એમણે દક્ષિણ આફ્રિકામાં કરેલો એ ધર્મને પણ તેમણે 'શાંતિનો ધર્મ' તરીકે ઓળખાવ્યો. માણસમાત્ર ભાઈ છે, ભાઈચારાનો સંદેશ ઇસ્લામમાંથી મળે છે, જે ગાંધીજીના મતે વૈશ્વિક શાંતિ લાવવા માટે મદદરૂપ બનશે. બધા ધર્મગ્રંથોના વાચને ગાંધીજીની ધર્મનિષ્ઠાને દ્રઢ કરી. બીજા ધર્મોનાં સાદરયુક્ત અભ્યાસથી હિંદુ ધર્મશાસ્ત્ર માટેની તેમની શ્રદ્ધા ઓછી નથી થઇ ઉલટાનું ધર્મપુસ્તકોના વાંચનથી હિંદુ ધર્મશાસ્ત્રની તેમની સમજ વધુ સ્પષ્ટ બની.

જુદાજુદા ધર્મશાસ્ત્રોને આધારે ગાંધીજીને પોતાના જીવનનું ઘડતર કર્યું તેમાં એમણે સત્યને જ સ્થાન આપ્યું. દરેક ધર્મના ભાવાર્થને સત્ય અને અહિંસાની કસોટીએ મૂલવા અને એમાં રહેલા સત્વનો સ્વીકાર કર્યો. ધર્મપરિવર્તનનિ ઈસ્લામ કે ખ્રિસ્તીધર્મની પ્રવૃત્તિની ગાંધીજીએ નિંદા કરી. તેઓ માનતા કે જે સાચુ ધાર્મિક જીવન જીવે છે તેના જ જીવનની સુવાસથી બીજા તેના તરફ આકર્ષાય છે તેના માટે બળજબરી ધર્મપરિવર્તન કરવાની કોઈ જ જરૂર તેમણે જણાતી નથી. મૂર્તિપૂજાના વિરોધી એવા ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મના લોકો યેનકેન પ્રકારે મૂર્તિપૂજાને અપનાવે છે. એ સમજાવતાં ગાંધીજી કહે છે કે મસ્જિદને ઈશ્વરનું નિવાસસ્થાન ગણનાર અને તેના બચાવ માટે જાન આપનાર કે મસ્જિદો અને રોજાઓ બાંધવા માટે પુષ્કળ ધન આપનાર મુસલમાનો મૂર્તિપૂજા અપનાવે જ છે. તેમ જ દેવળમાં જઈને બાઈબલની કસમ ખાતો ખ્રિસ્તી પથ્થરની ઘડેલી અને કપડાં કે કાચ પર ચીતરેલી કુમારિકા મેરી અને સંતોની કાલ્પનિક પ્રતિમાઓ આગળ ઘૂંટણે પાડનાર કેથલિકો પણ મૂર્તિપૂજા જ કરે છે. જેમ ખ્રિસ્તી કે મુસલમાન કરે છે તેમ હિંદુ પણ પાષાણનિ મૂર્તિ દ્વારા પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે મૂર્તિપૂજાનાં ભીતરમાં રહેલી ભાવના માણસજાતને ઊંચે ચડાવવામાં મહત્વનો ફાળો આપે છે. ગાંધીજી પોતાની જીવનનૌકાને ધર્મના હલેસા દ્વારા હંકારીને ધર્મને અનુસરીને ચાલ્યા. પોતાની વિવેકબુદ્ધિ દ્વારા શ્રદ્ધા અને નિષ્ઠાને સદા અજવાળતા રહ્યા. ધર્મ અને વ્યવહાર વચ્ચે જ્યાં વિરોધ ઊભો થયો ત્યારે પોતાની વિવેકબુદ્ધિ વાપરીને સત્યનું આચરણ કર્યું અને સત્યની સાથે ઊભા રહ્યા. ધર્મને

મંદિર. મસ્જિદ કે કોઇ સંસ્થામાં સ્થિત ન રહેવા દેતાં તેનો ઉપયોગ સક્રિય કાર્યો દ્વારા દરરોજના જીવનમાં, સમાજમાં અને રાજકારણમાં ઊભા થયેલા પ્રશ્નોને હાલ કરવા કર્યો.

## 2. ગાંધીજીના સામાજીક મૂલ્યોની ઝાંખી

મનુષ્યના જીવનને લક્ષમાં લઇ જેટલા ઊંડાણથી ગાંધીજીએ વિચાર કર્યો હતો. એટલો વિચાર એમની પહેલાના પુરુષોએ કર્યો ણ હતો. એમની સૂક્ષ્મ અવલોકનશક્તિએ જે – તે સમયના દૂષણો, ભેદભાવો અને જડ માન્યતાઓને ઓળખવામાં ખૂબ સહાય કરી હતી અને એ બધા સામે આત્મબળથી ઝઝૂમ્યા હતા. દક્ષિણ આફ્રિકાના મોરિત્સબર્ગ રેલ્વેસ્ટેશન પર તેમને ટ્રેનમાંથી ઉતારી પાડવામાં આવ્યા ત્યારથી લઈને જીવનની તમામ સામાજિક પરિસ્થિતિ સામે ઝઝૂમ્યા. દક્ષિણ આફ્રિકામાં તેમણે હિંમતથી અપમાન અને દુ:ખ સહન કર્યા. સત્યાગ્રહનું બીજ ત્યાંથી રોપાયું ગોરાઓની રંગભેદની નીતિ સામે એમનો સૌ પ્રથમ બળવો થયો અને ગોરા – કાળાનો ભેદ મીટાવવા તેઓ કટિબદ્ધ બન્યા અને અહિંસક લડાઈની શરૂઆત થઇ. ધીરે ધીરે સફળતા અને આત્મવિશ્વાસ વધતા ગયા. હિંદીઓની વધુ સેવાને અર્થે ગાંધીજીએ 'નાતાન ઈન્ડિયન કોંગ્રેસ'નિ સ્થાપના કરી ૧૯૧૫માં તેઓ જ્યારે ભારત પરત ફરે છે ત્યારે દક્ષિણ આફ્રિકાથી સામાજિક સંઘર્ષો વેઠવાની તાકાત લઈને આવે છે. એક વર્ષ દરમિયાન હિંદનું પરિભ્રમણ કરીને પરિસ્થિતિનો તાગ લે છે. પછી પ્રત્યક્ષ કર્યો દ્વારા 'નવજીવન' દ્વારા તેમણે સુધારા સૂચવ્યા તેમજ સામાજીક મૂલ્યોમાં પરિવર્તન લાવવા મન, વચન, કર્મથી પ્રયત્ન કર્યા.

કોઈપણ સામાજીક વિષય એમના ધ્યાનની બહાર ગયો નથી. દક્ષિણ આફ્રિકાની રગભેદનિ નીતિ જેમ ભારતમાં પણ ઊંચનીચની ભાવનાએ સામાજીક અન્યાયને જન્મ આપ્યો હતો. કોઈપણ વ્યક્તિને નીચું સમજવાનો આપણને કોઈ અધિકાર જ નથી. આ વિષય પર તેમણે 'હરિજન બંધુ' માં ખૂબ લખ્યું. ૧૯૩૪માં અસ્પૃશ્યતાનિવારણ માટે ઝુંબેશ ઉપાડી અને હરિજન સેવક સંઘની રચના કરીને લાખોનું ભંડોળ એકઠું કરીને એ કામને વ્યાપક બનાવ્યું. સામાજીક સમરસતાને ગાંધીજીએ પોતાના જીવનમાં, કાર્યોમાં અપનાવી. તલના માણસની તકેદારી રાખી અને ન્યૂનતામાંથી ઊભો કરવા ગાંધીજીએ કમર કસી. બિમાર લોકો માટે સમાજે સહાનુભૂતિ દાખવી અને તેમની સેવા કરવાનો નિયમ લીધો. પણ જે ચોર લૂંટારાઓ છે એમના માટે પોલીસ સંસ્થાનું નિર્માણ કર્યું. ગાંધીજીએ આ બાબતને બહુ ઊંડાણથી જુએ છે. જેમાં એમની સક્ષમતા અને માનવતાના દર્શન થાય છે. ચોરથી બચવું જરૂરી, પણ ચોરને એ ચોરીના ધંધામાંથી બચાવવો જરૂરી છે. ચોરી, લૂંટારાપણું એક જાતનો નૈતિક રોગ છે. એ રોગના ઈલાજ આપણી પાસે હોવા જ જોઈએ એવું ગાંધીજી માને છે. તેમણે મળવાથી, કેળવવાથી કે સમજાવવાથી તેઓ ન

સમજે એવું માનવાને કોઈ કારણ નથી, આપણી ધીરજ ખૂબ અનિવાર્ય છે. તેમની પર પ્રેમ રાખવો ખૂબ જરૂરી છે. 'ચરવડાનાં અનુભવ' પુસ્તકમાં આવા ગુનેગારોને માનસિક રોગી ગણીને તેમણે યોગ્ય કેળવણી આપવાનો અનુરોધ કર્યો છે.

પુરુષો કરતા પણ સ્ત્રીઓનો પ્રશ્ન પણ મુશ્કેલ હતો એમના નૈતિક દુરાચરણને દૂર કરવાનો પણ ગાંધીજીએ પ્રયત્ન કર્યો. આંધ્રપ્રદેશમાં ચાલતી દેવદાસીનિ પ્રથાને નાબૂદ કરવાનો તેમણે હિમાયત કરી. એમણે આખી કોમને મુક્ત કરવી હતી એટલે ગાંધીજીએ અસ્પૃશ્યતાનિ જેમ જ આ પ્રથાને સદંતર નષ્ટ કરવા માટે અપીલ હતી, દેવદાસીઓ પોતાના પેટ માટે, આજીવિકા માટે આવું કાર્ય કરતી હોવાથી ગાંધીજીએ સમાજના લોકોને સમજાવવાનું શરૂ કર્યું, દેવદાસીઓનો જ્યાં ઉપયોગ થતો હોય તે વિવાહ કે લગ્નસ્થળો, ઉત્સવોના સ્થળ વગેરેની માહિતી મેળવીને લોકોને કેળવવા, બુદ્ધિપૂર્વક અને હૃદયને સ્પર્શે એવી રીતે સમજાવવા માટે અને તણા માટે ધીરજ કેળવવાના ઉપાયો સૂચવ્યા. ગાંધીજીએ આ પુરાણી સનીત્તિમય પ્રથા બંધ કરાવવા કમર કસેલી.

ગાંધીજીએ ભારત દેશની ગરીબ પ્રજાની જેમ રહેવા પોતાના વધારાના કપડાંનો ત્યાગ કરી બસ પોતડી પહેરવાનું શરૂ કર્યું હતું તેમ તેમણે ભારતની જનતાને પણ સાદા, સરળ અને સ્વચ્છ પોશાકની હિમાયત કરેલી. તેમણે ભારતની આબોહવાને અનુકૂળ સફેદ કપડાં જ પહેરવાની વાત કરેલી તે ઠંડો રંગ હોવાથી આંખને ગમે છે ઉપરાંત તેમાં મેલ તરત દેખાય જતો હોવાથી તેને આપણે તરત જ સ્વચ્છ કરી દઈએ છીએ. એટલે સ્વચ્છતાની પણ વાત પણ તેમણે કરી દીધી. ગાંધીજીએ બૂટ પહેરવા એ ઘાતકીપણું છે. આ પ્રદેશમાં બૂટની કોઈ આવશ્યકતા નથી તેમ તેઓ માનતા હતા. ચંપલ કે સ્લીપરથી પગનું કીચડકાંટાથી પૂરતું રક્ષણ થાય જ છે. તેમ તેઓ કહેતા. વિદેશી પહેરવેશને તેમણે જાકારો આપ્યો અને સમાજજીવનને અન્ય દિશામાં પ્રયાણ કરાવ્યું. પાઘડીની જગ્યાએ તેમણે સસ્તી સફેદ ટોપી (ગાંધીટોપી) બતાવી અને પ્રચલિત કરી. આમ, તેમણે વેશભૂષામાં ક્રાંતિ કરીને ભારતના લોકોને સ્વદેશીની ઓળખ આપી.

બાળવિવાહ, લગ્ન, વૈવિધ્ય, સામાજીક રૂઢિઓ વગેરે સતીના અનેક પ્રશ્નો પર ગાંધીજીએ વિસ્તૃત ચર્ચા કરી. બાળવિધવાને તેમણે વિધવા ગણવાની જ નાં પાડી. વિધવા માટે સારું શિક્ષણ અને ધંધાની સુંદર વ્યવસ્થા કરવાની વિધવાના દર્શનને શુભ શુકન ગણવાની સમાજને હિમાયત કરી. બાળવિધવા મોટી થઈને ફરી પરને એનો અનુરોધ કર્યો. વૈવિધ્ય ભૂષણ નહી દૂષણ છે. વિધૂરને ફરી પરણવાનો હક છે. તો વિધવાને પણ એ હક હોવો જોઈએ. આમ કહીને ગાંધીજી સ્ત્રી-પુરુષ સમાનતાની ભાવના વ્યક્ત કરે છે. ગાંધીજીને સ્ત્રીઓને લગતા પ્રશ્નોની ચર્ચા કરી સમાજને અને સમગ્ર સ્ત્રીજાતિને જાગ્રત કરવા અને તેમને

ગૌરવભર્યું સ્થાન અપાવવા તેમના પુરોગામી સમાજસુધારક કે રાજકીય નેતા કરતાં વધારે અગત્યનો ભાવ ભજવ્યો. સ્ત્રીઓને લગતા સ્મૃતિવચનો પર પણ તેમણે પ્રહાર કર્યો. એ સ્મૃતિવચનો પરના પ્રહારનો અર્થ હિંદુ ધર્મની જડતા દૂર કરવાનો પ્રયત્ન હતો. સ્ત્રીજાતિની અવનતિ દૂર કરવાનો પ્રયત્ન તો હિંદુ ધર્મશાસ્ત્રમાં સ્ત્રીઓને વિશે જે હતો આક્ષેપો દૂર કરવાનો છે. તેમણે તુલસીસ રાજો દોહા 'ઢોર, ગવાર, શૂદ્ર, અરુ, નારી, યે સબ તાડન કે અધિકારી'એ દોહા માટે પણ તુલસીદાસની રૂઢિગત માન્યતા પર સવાલ ઉઠાવે છે તેઓ કહે છે કે આ દોહો કદાચ તુલસીદાસનો નથી અને છે તો તેમણે જે તે સમયની પ્રચલિત રૂઢીને ધ્યાનમાં રાખીને લખ્યો હશે. આમ, ગાંધીજી જેમને પ્રત્યે એમને પૂજ્યભાવ હોય એમના દોષો દેખાય તો પણ એ બેધડક દર્શાવી દેતા. પોતાની વિચારસરણી અનુસાર તે મૂલ્યાંકન કરી આપતા.

ગાંધીજી સ્ત્રીને પુરુષની સહચારિણી માને છે તેથી પુરુષની બધી પ્રવૃત્તિઓ સૂક્ષ્મતાથી જાણે એ બહુ જરૂરી છે. બંને અરસપરસ ટેકારૂપ છે. એકબીજા વગર તેઓ સંભવ જ નથી. ગાંધીજીએ પશ્ચિમની દ્રષ્ટિએ અનુસરીને સ્ત્રીનું અને પુરુષનું કાર્યક્ષેત્ર અલગ કરીને તેમની વચ્ચેનો કલહ દૂર કરવાનો યથાસંભવ પ્રયત્ન કર્યો. ગાંધીજી માને છે કે સ્ત્રીનું સર્જન ઈશ્વરે એટલા માટે કર્યું કે તે માનવજાતિનાં બચ્ચાઓની રખેવાડી તેમનો ઉછેર, વિકાસ માતૃત્વની શક્તિને આધારે કરી સમાજને વધુ સુસંસ્કૃત બનાવી શકે છે. જો સ્ત્રી ઘર કે બાળકોને ન સંભાળે તો આ સમાજવ્યવસ્થા નાશ જ પામે એવું ગાંધીજીને લાગે છે. પોતાનો સવિરત પ્રેમનો સ્ત્રોત માનવજાતિને ચરણે ધારે છે. આપણી સંસ્કૃતિને અનુરૂપ એમણે સ્ત્રીનું ચોક્કસ સ્થાન બતાવ્યું છે. સ્ત્રી-પુરુષ સ્પર્ધાનો એમણે વિરોધ કર્યો છે.

ગાંધીજીએ પડદા પ્રથા સાથે – સાથે ઘરેણાંનો વિરોધ નોંધાવ્યો છે. ઘરેણા વિરુદ્ધ ગાંધીજીના વિચારો એ એમની પશ્ચિમી સ્ત્રીઓના અવલોકન પરથી એ જાણી શક્યા કે ઘરેણાં સ્ત્રીઓ માટે નિરુપયોગી વસ્તુ છે. તેમણે સ્ત્રીના ઘરેણાંને ગુલામીની નિશાની તરીકે ઓળખાવ્યા છે. સમાજની રૂઢીની માન્યતા તેમાં જણાતી હતી. એટલે ગાંધીજીએ તેમનો વિરોધ કર્યો. પડદા પ્રથાનો પણ તેમણે વિરોધ કર્યા. પુરુષની ખરાબ દ્રષ્ટિનો ઈલાજ પડદો નથી પણ પુરુષની પવિત્રતાએ ઈલાજ છે. પુરુષને પવિત્ર કરવામાં સ્ત્રી બહુ મોટો ભાગ ભજવી શકે છે. પરંતુ પડદામાં રહેલી સ્ત્રીએ કેવી રીતે કરી શકે ? કચડાયેલી સ્ત્રી પુરુષને પવિત્ર કેવી રીતે બનાવે શકે ? સ્ત્રી પુરુષ સંબંધ, સંતતિનિયમન, બ્રહ્મચર્યપાલન વગેરે વિષયો પર ગાંધીજીએ ખૂબ ઊંડાણથી ચર્ચા કરી છે. સ્ત્રી પુરુષના સંબંધનાં લગભગ બધા જ પ્રશ્નો એમણે છે છેડ્યા છે એ એમની સમાજદર્શનની ઊંડી સમજ દર્શાવે છે. આંતરજ્ઞાતીય લગ્નને ગાંધીજી માન્યતા આપતા હતા. સામાજિક સુધારાની દ્રષ્ટિએ આ લગ્ન ઉચિત છે એવું ગાંધીજી માનતા

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

હતા. આ જગતમાં જો સાચી શાંતિ જોઈતી હશે તો આપણે પોતાના બાળકોથી જ આરંભ કરવો પડશે જો બાળકો સ્વાભાવિક અને નિર્દોષપણે ઉછરીને મોટા થાય તો આપણે લડવું નહી પડે, મા-બાપ બાળકના વિકાસકાળમાં જો તેમની સાથે સારું વર્તશે તો સ્વભાવથી જ બાળક પણ સત્ય અને અહિંસાના ધર્મનું પાલન કરતો થશે. ચારિત્ર્ય અને કેળવણીનાં સાચા સાધનોથી જ બાળવિકાસ શક્ય બને છે. સાચી મહેનત જ સત્કર્મનો પૈસો જ માણસને માણસ બનાવે છે એવી વાત દરેક માં બાપે પોતાના બાળકોને કહેવી પડશે. એટલું જ નહી એ માં-બાપે એ વાતનો પોતે પણ અમલ કરવો પડશે.બાળકો પોતાના માં-બાપ પાસેથી શીખે છે એટલું એ બીજે ક્યાંયથી નથી શીખતો.

ગાંધીજી સ્ત્રીઓ માટે સ્વરક્ષણનાં હિમાયતી હતા. સ્વરક્ષણ થકી એ સમાજની અનૈતિક આચરણોથી પોતાને દૂર રાખી શકશે, સ્ત્રીના અધિકારો વિશે ગાંધીજી જણાવે છે કે તેઓ સ્ત્રીના અધિકારો અંગે સહેજ પણ નમતું મૂકવા તૈયાર નથી. સ્ત્રી પુરુષ વચ્ચે ક્યારેય અસમાનતા ણ હોવી જોઈએ. દિકરા અને દિકરી વચ્ચે કોઇ ભેદ ન હોવા જોઈએ. ગાંધીજી માને છે કે સ્ત્રી અને પુરુષ એકબીજાની અવેજીમાં નહી પણ એકબીજાના પૂરક છે. સ્ત્રી પુરુષના દૈનિક કામો પણ તેમની દેહના ઘડતરની જેમ ઈશ્વરે જ જાને નક્કી કરી આપ્યા છે. હિંદુ ધર્મશાસ્ત્રોમાં સ્ત્રીઓ ઉપર જે આક્ષેપો છે તે દૂર કરવાનું કાર્ય સમાજે કરવાનું છે એ ગાંધીજી જણાવે છે. એ ગાંધીજી જણાવે છે, સ્ત્રીએ પુરુષનું અડધું અંગ છે એ ન્યાયે સ્ત્રીઓએ પુરુષના તાબામાં રહેવાની જરૂર નથી, તેમનાથી ઊતરતા સમજવાની જરૂર નથી. પોતાની પરાધીનતા સ્ત્રીઓ જાતે જ નાબૂદ કરાવી પડશે. દહેજ પ્રથાનો પણ ગાંધીજી વિરોધ કરે છે. દહેજના દૂષણને દૂર કરવા તેમણે નાતની વાડાબંધીને તોડવાની વાત કરી છે. રાષ્ટ્રના નવયુવાનોમાં ક્રાંતિ લાવવી જરૂરી છે.

ગાંધીજી રામરાજ્ય લાવવા માંગતા હતા. રામરાજ્ય એટલે માત્ર હિંદુ રાજ્ય નહી પણ દિવ્ય રાજ્ય જ્યાં રાજા અને પ્રજા ઈશ્વરની આજ્ઞામાં રહે. ગાંધીજી કહે છે કે સત્ય અને અહિંસાથી પર કોઈ ઈશ્વર નથી. ગરીબમાં ગરીબ પ્રજાને તરત જ કોઈ જાતના વ્યય વિના ન્યાય મળી શકે એ જ રામરાજ્ય. હિંદુ ધર્મ સર્વધર્મોને આદર આપવાનું શીખવે એ જ રામરાજ્ય. ગાંધીજી જણાવે છે કે હંમેશા પોતાના દોષ મોટો જોવા જોઈએ. પડોશીના દોષ જોવાનું બંધ કરીને પોતાની પ્રગતિ કરાવી જોઈએ.

ગાંધીજીના સામાજીક મૂલ્યોમાં એક વાત સૌથી નોખી તરીને આવે છે તે છે ગૌરક્ષા. ગૌરક્ષા એ હિંદુ ધર્મે દુનિયાને આપેલી બક્ષિસ છે. ગાંધીજી કહે છે તેમ હિંદુ ધર્મ પણ જ્યાં સુધી ગાયની રક્ષા કરનારા હિંદુઓ છે ત્યાં સુધી જ રહેશે. હિંદુઓની પરીક્ષા મંત્રો બોલવાથી, તીર્થજાત્રાઓ કે ઝીણા નિયમોને પાળવાની નહી પણ ગાયને બચાવવાની તેમની શક્તિથી જ થવાની છે. આ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

વાતમાં ગાંધીજીનું બચાવવાની તેમની શક્તિથી જ થવાની છે. આ વાતમાં ગાંધીજીનું સનાતનીપણું દેખાય આવે છે. ગાય જ હિંદુસ્તાનમાં માણસોનો સૌથી સાચો સાથી. સૌથી મોટો આધાર છે. તે માત્ર દૂધ આપનારી નહોતી, પણ ખેતીનો આધારસ્તંભ છે. ગાયનું સંવર્ધન એ ભારતવર્ષનિ જવાબદારી છે. આ જ ગાંધીજી હિંદુ મુસ્લિમ એકતાની વાત પણ કરે છે. ગાંધીજી માને છે કે હિંદુ – મુસ્લિમ એકતા એટલે હિંદુ મુસ્લિમ કોમ વચ્ચેની ઐક્ય નહી, પણ જે કોઈ લોકો કોઈ પણ ધર્મના હોય પણ હિન્દુસ્તાનને પોતાનું ઘર માનીને આ દેશમાં રહેતા હોય તે બધા વચ્ચેનું ઐક્ય. ગાંધીજીની સાંપ્રદાયિક શાંતિની લાલસા હંમેશા રહેલી. ગાંધીજી હંમેશા કહેતા કે પોતાના ધર્મપ્રચારને નામે બીજા ધર્મોની નિંદા કરવાની પ્રવૃત્તિ ચાલવા જ ન દેવાય. તેઓ જણાવે છે કે પ્રાચીન હિંદુ સંસ્કૃતિમાં જે બધું સનાતન છે તે બધું ઈશુ, બુદ્ધ, મહોમ્મદ પયંગબર અને જરાયુષ્ટ્રના ઉપદેશમાં જોઇએ શકાય છે. હિંદુ ધર્મમાં સર્વ ધર્મો સમાઇ જાય છે. સર્વ ધર્મનો નિચોડ, અથવા સાર હિંદુ ધર્મમાં મળે છે. ગાંધીજી જણાવે છે કે આપણે એકબીજા માટે ઉદારતાભરી દ્રષ્ટિ રાખીશું, નમતું મૂકવાની વૃત્તિ કેળવવી પડશે. સહિષ્ણુતા રાખીને જ જુદા જુદા ધર્મો પાળનારા લોકો વચ્ચે ભાઈચારાનિ લાગણી રાખી સારા પડોશી અને મિત્રો તરીકે ભેગા રહી શકીશું. આપણે સૌ પ્રથમ હિંદી છીએ પછી જ હિંદુ, મુસલમાન, પારસી અને ખ્રિસ્તી છીએ. રાજ્યનો કોઈપણ નાગરિક કાનૂન પાડીને તેને ગમતો કોઈપણ ધર્મ અપનાવી શકે તેવો તેને હક હોવો જોઇએ.

સામાજિક ક્રાંતિ માટે ગાંધીજીએ ચરખાને ખૂબ મહત્વ આપ્યું. ગાંધીજી કહેતા કે માનસિક શાંતિ માટે ચરખો કાંતો ચરખાનું સંગીત જખ્મો પર મલમનું કામ કરશે. ચરખોએ અહિંસાનો પ્રતીક છે. ચક્રમાં રેન્ટિયોનું મહત્વ વધારે છે. ગાંધીજી રેન્ટિયાને મધ્યવર્તી સૂર્ય સાથે અને બીજા ગ્રામઉધોગોને સૂર્યમાળાના ગ્રહો સાથે સરખાવે છે. સૂર્ય ગ્રહોને પ્રકાશ અને ગરમી આપે છે અને એમણે ટકાવી રાખે છે. સૂર્ય વગર અન્ય ગ્રહો ન ટકે.

ગાંધીજી સાવ સરળ, નિખાલસ વ્યક્તિત્વ ધરાવનાર નોખા માનવી હતા. તેમના વિચારો, કાર્યો દ્વારા જગતના દરેક ખૂણામાં રહેતા માનવીના હૈયામાં સ્થાન પામ્યા. આજે પણ પરદેશ જનાર વ્યક્તિને ગાંધીજીના દેશના માણસ છે એમ કહીને તેનું અભિવાદન કરવામાં આવે છે તે આજનાં વિષમભર્યા જગતની એક ઉજળી બાજુ દ્રષ્ટિગોચર થાય છે. ગાંધીજીના મૂલ્યો શાશ્વત છે. તે ધાર્મિક હોય કે સામાજીક હોય. વિશ્વના દરેક વ્યક્તિને તે લાગુ પડે છે. માત્ર ભારતવર્ષ જ આ મૂલ્યોને અપનાવતા નથી બલ્કે વિશ્વભરમાં જેમને આ મૂલ્યો અપનાવ્યા એ લોકો માનવજાતનો ઉદ્ધાર કર્યો અને માનવતાની મશાલ પ્રજ્વલિત રાખી.

## સંદર્ભ પુસ્તકો

1. ગાંધી-ગંગા ભાગ 1 મહેન્દ્ર મેઘાણી, પ્રથમ આવૃત્તિ 2007 પ્રકાશક લોકમિલાપ ટ્રસ્ટ પૃષ્ઠ 86
2. મહાત્મા ગાંધીના વિચારોસંકલન અને સંપાદન આર. કે. પ્રભુ, યુ.આર. રાવબીજી આવૃત્તિ 2011, પ્રકાશક નવજીવન ટ્રસ્ટ
3. ગાંધીજીનું સાહિત્યરમેશ મોદી, પ્રથમ આવૃત્તિ 1971 નવજીવન ટ્રસ્ટ
4. અરધી સદીની વાંચનયાત્રા 4સંપાદક મહેન્દ્ર મેઘાણીપ્રથમ આવૃત્તિ 2006પ્રકાશક સંસ્કાર સાહિત્ય મંદિર
5. ગાંધી-ગંગા ભાગ 2. સંપાદક મહેન્દ્ર મેઘાણી, પ્રથમ આવૃત્તિ 2007પ્રકાશક લોકમિલાપ ટ્રસ્ટ